ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૮ ડીગ્રી
લઘુતમ : ૦૭.૯ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

આજે શહેરમાં શહીદ દિન મનાવાશે

ગાંધીનગર, તા.૨૯

૩૦ જાન્યુઆરી એ શહીદ દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની નવી દિલ્હી ખાતે હત્યા થઈ હતી. બાપુના નિર્વાણ દિવસને આઝાદીની સમસ્ત ચળવળ દરમિયાન દેશ માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર શહીદોને યાદ કરી બપોરે ૧૧.૦૦ વાગે બે મિનિટનું મૌન પાળવાની પ્રથા છે.

અહિંસા, ભાઈચારો, સત્ય જેવા સનાતન મૂલ્યો માટે જીવન પર્યંત સંઘર્ષ કરનાર ગાંધી બાપુના જીવનમાંથી દેશ અને દુનિયામાં અનેક માણસોએ પ્રેરણા મેળવી છે અને પોતાનું જીવન ધન્ય બનાવ્યું છે. અનેક રાષ્ટ્ર પ્રમુખોએ તેમના સિધ્ધાંતો દ્વારા પોતાના રાજકીય અને સમાજીક કાર્યક્રમોની રૂપરેખા ઘડીને સફળતા મેળવી છે. દુનિયામાં હાલમાં પણ ગાંધીજીના જીવન મૂલ્યોને અનુસરનાર એક ખુબ મોટો વર્ગ છે. તેની સામે આપણા દેશમાં ગાંધી મૂલ્યોનો હ્રાસથી રહ્યો હોય તેવું અનુભવાઈ રહ્યું છે. રાજકીય નેતાઓ અને પક્ષો માટે ગાંધીજી માત્ર નામ બની રહ્યા છે. મત મેળવવા આ નામની જરુર હોવાથી અનિચ્છાએ પણ તે નામનો ઉપયોગ તો કરે છે પણ નીતિઓ અને જીવનમાંથી ગાંધી મૂલ્યો ધીમે ધીમે ભુલાઈ રહ્યા હોય તેમ સામાન્ય માણસોને લાગી રહ્યું છે. આવામાં શહીદ દિવસે માત્ર ઔપચારિકતા જ બની રહે છે કેટલાક તો બે મિનિટનું મૌન પળ પાળતા નથી. કેટલાકને ગાંધીજીના મૂલ્યો પસંદ ના હોય તે શકય છે. લોકશાહીમાં દરેકને પોતાનો મત રજુ કરવાનો અધિકાર છે પણ શહીદ દિવસ એ સમગ્ર દેશના શહીદોને યાદ કરવાનો અવસર છે આ દિવસનું માન સચવાય એ ઈચ્છનીય છે.

આજે દુનિયાભરમાંથી આયાત કરેલી ચીજવસ્તુઓ માટે ભારત એ બજાર બન્યું છે ત્યારે ગાંધીની સ્વદેશીની વિચારસરણી આપણને ના ગમે. ડગલે ને પગલે જુઠ ઉપર ટકેલો જુનો વ્યવહાર ગાંધીના સત્યના આગ્રહને ના માને. રોજબરોજ હિંસાને મહત્વ આપતો આજનો સમાજ ગાંધીના અહિંસાના સિધ્ધાંતને ના સમજે. દેખાડો કરવાના શોખીનને એક પોતડીમાં લપેટાયેલા ગાંધીનું શરીર ફેશનેબલ નહીં લાગે. આ બધું સ્વાભાવિક લાગે છે પણ જે સમય, વાતાવરણ અને પરિસ્થિતિઓમાં આ સિધ્ધાંતો સાથે ગાંધીજી જીવ્યા એ પરિસ્થતિઓ આજના કરતા વધારે પ્રતિકુળ હતી અને એટલે જ આજે અગાઉ કરતા પણ વધુ ગાંધી મૂલ્યોને ફેલાવવાની જરૂર છે. આઈનસ્ટાઈને ગાંધીજી માટે કહેલું કે લોકો વિશ્વાસ નહિ કરે કે હાડ-માંસનો આવો માનવી ખરેખર જીવતો હતો. અર્થાત આવા મૂલ્યો સાથે જીવાય તેવું લોકો માની પણ નહીં શકે. એ કથનને આજે આપણે એક સદી કરતા પણ ઓછા સમયમાં સાચું સાબિત કરી દીધું. માભોમની સ્વતંત્રતા અને ખુશહાલી માટે કુરબાની આપનાર તમામ નામી અનામી શહીદોને કોટી કોટી વંદન કરી દેશના સામાન્ય જન તરીકે સૌ શહીદ દિવસને મન, કર્મ અને વચનથી સાર્થક કરીએ.

શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પળાશે

આજે સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જયાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળે, જયાં શકય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શકય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે માટે જોવા પણ વિનંતી કરાઇ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. ગાંધીનગરમાં પણ સાયરનની વ્યવસ્થા કરવામાં આવી છે તે મુજબ સચિવાલય, સરકીટ હાઉસ, પ્રેસ, વિધાનસભા-સચિવાલય અને પાટનગર યોજના ભવન ઉપર સાયરનો મુકવામાં આવી છે તે સાયરનો પણ નિર્દિષ્ટ સમયે વગાડવામાં આવશે.

જન્મદિને વધામણી

ક્રીશ જાની
સોશિયલ મિડીયા કન્વીનર (BJYM) ગાંધીનગર મહાનગર,
મો. ૭૩૮૩૬ ૬૭૩૫૮

દિયા તેજેન્દ્ર પટેલ

ભવ્ય ચેતનભાઈ પ્રજાપતિ
મો. ૯૮૯૮૫ ૫૯૧૫૬

રુદ્ર
નયનકુમાર રત્નાકર
મો. ૯૯૯૮૬ ૯૦૫૬૫

વિહાન
મિહિરભાઈ ભટ્ટ
મો. ૯૯૯૮૧ ૮૦૪૭૨

મકબુલખાન એસ. પઠાણ

મિતેષ ઠાકોર
મો. ૬૩૫૩૧ ૦૭૪૨૩

યશ મેહુલકુમાર કવિ

ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી નિમિતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, સિવિલના આરએમઓ. ડો. સુધાબેન, ડો.કલ્પેશ જશપરા, ડો.શિલ્પાબેન ભટ્ટ, સહિત ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, સિવિલના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈસનપુર મોટા હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટીના જન્મદિને ફુટનું વિતરણ કરાયું

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામે આવેલી માનવ સેવાના વિરાટ વટવૃક્ષ સમી શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલના મુખ્ય દાતા અને હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી મા.સ્વ.શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલના ૮૦ માં જન્મદિને સંસ્થાના મંત્રી રમેશભાઈ.બી.પટેલ દ્વારા હોસ્પિટલમાં એડમીટ દર્દીઓને ફળફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પેથાપુર-મહુડી માર્ગ પર બંધ સ્ટ્રીટ લાઈટો અંગે 'આપ'ની રજુઆત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓ બાબતે લાલિયાવાડીની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. છેલ્લાં ઘણા સમયથી ગાંધીનગરના પેથાપુર મહુડી હાઈવે ઉપર પેથાપુર ચોકડીથી ફતેપુર તરફના મુખ્ય માર્ગે સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવામાં આવ્યાં છે પરંતુ અગમ્ય કારણોસર છેલ્લા ઘણા સમયથી તેની લાઈટો બંધ હાલતમાં છે. આ સ્ટ્રીટ લાઈટના થાંભલા પરની લાઈટો બંધ હોવાને કારણે રાત્રે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે અને નાના મોટા અકસ્માતો થઈ રહ્યાં છે. આવનારા સમયમાં આ માર્ગ પર કોઈ મોટા અકસ્માત ના થાય અને કોઈની જાનહાનિ ના થાય તે માટે તે તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવે તેવી આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કોર્પોરેટર તુષાર પરીખ સહિત પેથાપુરના યુવા આપ નેતા જય વાઘેલા દ્વારા પાટનગર યોજના ભવને કાર્યપાલક ઈજનેર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્વચ્છતા દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને સ્વચ્છતા આપણા જીવનમાં કેટલી જરુરી છે તેના વિશે બાળકોને સમજાવ્યું હતું. બાળકોએ સ્વચ્છતા અંગેના પોસ્ટર બનાવ્યા હતા.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દરજી ભોગીલાલ કાન્તીલાલ,** ઉ.વ. ૬૨, કોલવડા
- **સ્વ. સોલંકી રાજેશકુમાર જીવણજી,** ઉ.વ. ૩૫, ડભોડા
- **સ્વ. પટેલ જમનાબેન કેશાભાઈ,** ઉ.વ. ૮૮, પેથાપુર
- **સ્વ. વાંસફોડીયા અમરીબેન કોલાભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૮

આઈઆઈટી ગાંધીનગરે બિનશૈક્ષણિક કર્મચારીઓનું સન્માન કર્યુ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ખાતે પ્રજાસત્તાક દિને યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થામાં આવશ્યક સેવાઓ આપતાં સંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ કર્મચારીઓએ વર્ષોથી અને ખાસ કરીને સંસ્થા

પરિવાર પ્રત્યે અનુકરણીય સમર્પણ દાખવ્યું છે. દેશવ્યાપી કોરોના મહામારીના કપરા સમયમાં ફરજ બજાવનારા જે કર્મચારીઓને સંસ્થાએ સન્માનિત કર્યા તેમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવર, સુરક્ષા સુપરવાઈઝર, હોસ્ટેલ કેરટેકર, હાઉસકીપિંગ સ્ટાફ, ઓફિસ એટેન્ડન્ટ, વિદ્યાર્થી સ્વયંસેવક, કાઉન્સેલર અને બેંક સ્ટાફ સહિત વિવિધ નોન-ટીચિંગ સ્ટાફનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓને તેમની અવિરત સેવાઓ આપવા બદલ કેમ્પસ ડેવલપમેન્ટ એવોર્ડ્સ અને એક્સેલન્સ એવોર્ડ્સ આપવામાં આવ્યાં હતાં.

સ્ટેટ સીડ પ્રોડયુસર્સ એસો.ના પ્રમુખપદે એન.પી. પટેલની વરણી

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સ્ટેટ સીડ પ્રોડયુસર્સ એસોસિએશનની નવી કારોબારીની નિયુકિત થઈ છે. એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં નવી કારોબારીની વરણી કરવામાં આવી હતી. નિયુકત થયેલા સભ્યો વર્ષ ૨૦૨૨-૨૦૨૫ની ટર્મ માટે રહેશે. જેમાં સીડ એસોસિએશનના પ્રમુખ તરીકે બીજ ઉદ્યોગનો ૩૫ વર્ષનો અનુભવ ધરાવતા વેસ્ટર્ન એગ્રી સીડસ લિમિટેડના મેનેજીંગ ડિરેકટર ડૉ. એન.પી. પટેલ, ઉપપ્રમુખ તરીકે ડૉ. પી.પી. ઝવેરી અને ખજાનચી તરીકે ભાવિન એસ. શાહની સર્વાનુમતે વરણી કરાઈ હતી. એસો. રાજયની સીડ ઈન્ડસ્ટ્રીઝને દિશા નિર્દેશ કરવો, વૈશ્વિક પ્રવાહોથી વાકેફ કરવા, સરકારી નિયમોની સમજણ આપવી, કલાઈમેટ ચેન્જની સીડ બિઝનેસ પર અસરો સહિતની સેવાઓ આપે છે.

શ્રી રંગ નેનો સીટી-૨ સામે ગ્રાઉન્ડમાંથી ૪ લાખની ઉપ પાઈપની ચોરી

ગાંધીનગર, તા.૨૯

સરગાસણ શ્રી રંગ નેનો સીટી-૨ ની સામે ખુલ્લા ગ્રાઉન્ડમાંથી રૂ.૪ લાખની ઉપ પાઈપોની ચોરી થવા પામી છે. પાઈપો ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદા નિકોલ ખાતે ઈતિહાસ રેસીડેન્સી મકાન નં.૩૪ ખાતે રહેતા પ્રવિણભાઈ મધુભાઈ પટેલ (ઉં.૪૫) પરિવાર સાથે રહે છે અને પી.દાસ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ નામે કંપનીમાં મારી ભાગીદારી છે. કંપનીના પ્રોજેકટ તેમજ મોનીટરીંગનું કામ કરવાનું હોય છે. રાજયમાં વિવિધ જગ્યાએ પ્રોજેકટરનું કામ ચાલી રહ્યું છે અને તે પૈકી એક પ્રોજેકટ વર્ષ ૨૦૨૧ના ડિસેમ્બર માસમાં નવા ડેપલોપ થતા ગાંધીનગરના ટીપી-૭ સરગાસણ ખાતે ચાલે છે. આ પ્રોજેકટરમાં મારૂ કામ ઝીંદાલ કંપનીમાંથી પાણીની પાઈપો જે ડગટાઈન આર્યનની હોય છે તે લાવી અન્ડરગ્રાઉન્ડ ફીટીંગ કરવાનું હોય છે. આ પ્રોજેકટ માટે કચ્છ મુંદ્રા ખાતે આવેલી ઝીંદાલ કંપનીમાંથી વિવિધ સાઈઝની પાઈપો જેની લંબાઈ આશરે ૫ થી ૬ મીટર હોય છે તે પાઈપો ગત તા.૪ થી ૯ જાન્યુઆરી સુધીમાં ગાંધીનગર ટીપી-૭ માં વિવિધ જગ્યાએ જરુરીયાત મુજબ ઉતારવામાં આવી હતી. પ્રોજેકટરની તમામ સાઈટનું સુપરવાઈઝર અને એન્જીનિયર દેખરેખ રાખતા હોય છે. તા.૧૪ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન સરગાસણ નેનો સીટી-૨ ની બાજુમાં ખુલ્લી જગ્યામાં રોડ સાઈડમાં અંદાજીત કિં.૪ લાખની ઉપ પાઈપ મુકી હતી. તે પાઈપ ચેક કરતા જે સ્થળ પર મુકી હતી તે સ્થળ પર જણાઈ આવી ન હતી સુપરવાઈઝરે જાણ કરતા ફરીયાદી તેમજ એન્જીનિયર સ્થળ પર જઈ તપાસ કરતા પાઈપો ન મળી આવતા આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. તેમ છતા પાઈપો મળી ન આવતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કુડાસણ અંબિકા ટાયર્સ પાસેથી બાઈક ચોરાયું

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૮ પ્લોટ નં.૧૦૭ ખાતે રહેતા ૩૫ વર્ષિય હર્ષિલ અશોકકુમાર પટેલ પરિવાર સાથે રહે છે અને કુડાસણ પ્રમુખ મસ્તાના બિલ્ડીંગમાં અંબિકા ટાયર્સ સેલ્સ એન્ડ સર્વિસ નામે એમઆરએફ ટાયરની ડીલર શીપ લઈ ટાયરનો વેપાર છે. હર્ષિલભાઈના દુકાનમાં કામ કરતા વ્યકિત માટે હીરો હોન્ડા કંપનીનું બાઈક નં. જી.જે.૧૮.એ.જે.-૬૬૮૮ ખરીદ્યું હતું. આ બાઈક મેનેજર વિશાલભાઈ પટેલ ગત તા.૨૨ ના રોજ ૨ કલાકે દુકાન બહાર પાર્ક કર્યું હતું. ત્યારબાદ બપોરે ૨.૩૦ કલાકે કામઅર્થે બાઈક લઈને વિશાલભાઈ જવા માટે નીકળ્યા હતા. તે સમયે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. બાઈકની આસપાસના વિસ્તારમાં પોતાની રીતે શોધખોળ કરવા છતા મળી ન આવતા ઈન્ફોસીટી પોલીસ મથકે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

મુંબઈના મેયર કિશોરી પેડનેકરે સાયન્સ સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૯

કોવિડ મહામારી બાદ ગુજરાત સાયન્સ સિટી નવા આકર્ષણો સાથે ફરી ખૂલ્યું છે. સાયન્સ સિટીને મુલાકાતીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, અને મહાનુભાવો ને આવકરવાનો મોકો મળ્યો છે. આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે મુંબઈ મેયર કિશોરી કિશોર પેડનેકર પધાર્યા હતા જેમને ગુજરાત સાયન્સ સિટીના અધિકારીઓએ દ્વારા આવકારવામાં આવ્યા હતા.

મુંબઈના મેયર કિશોરી પેડનેકર એકવેટિક ગેલેરી ખાતેની જૈવવિવિધતા તથા ૨૮ મીટર લાંબી શાર્ક ટનલ નિહાળી પ્રભાવિત થયા હતા. રોબોટિક ગેલેરીના રોબોટ અને તેની ઓટોમેશન ક્ષમતાથી પ્રભાવિત થયા હતા. તેમણે ભાવિ પેઢીને શીખવા માટે પ્રેરિત કરવાની ગુજરાત સાયન્સ સિટીના યોગદાનની પ્રસંશા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટીના વિવિધ પ્રકલ્પો તમામ ઉમરના મુલાકાતીઓને આકર્ષી સામાન્ય જનાતમાં વૈજ્ઞાનિક અભિગમ લોકપ્રિય બનાવવામાં સફળ રહ્યું છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે યુવાઓથી થી લઈ વડીલો, ગામથી શહેર સુધીના અને જિજ્ઞાસુ બાળકોથી લઈ ગણમાન્ય અતિથિઓની મુલાકાત સાયન્સ સિટીની લોકપ્રિયતા દર્શાવે છે.

ગાંધીનગર ઝોનની સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં પ્રથમવાર આરટીપીસીઆર લેબોરેટરી શરુ કરવામાં આવી છે. આ લેબોરેટરીમાં રોજના અંદાજીત ૫૦૦ આરટીપીસીઆર ટેસ્ટ થઈ શકશે.માણસા તાલુકાના તમામ સેમ્પલ આ લેબોરેટરી ખાતે તપાસવામાં આવશે. ત્યારે ગણતંત્ર દિવસે ગાંધીનગર રામકથા મેદાન ખાતે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે માણસા હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.કાનન કલ્પેશ જશપરાને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

સેન્ટ્રલ બેંકની સામે સ્વીફટ ડીઝાયર કારમાં આગ

શહેરના ઘ-૪ પાસે આવેલી સેન્ટ્રલ બેંકની સામે પાર્કિંગમાં ઉભી રહેલી જી.જે.૧૮.એ.એચ.૭૬૯૨ નંબરની સ્વીફટ ડીઝાયર કારમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. બનાવ અંગે ફાયરને કોલ મળતા જ ફાયર જવાનોએ સ્થળ પર જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ વસ્તુનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા જાંબુડી, રંગપુર, કાચ્છા, જામચિતરીયા તથા અણસોલ મુકામે ૧૧૪ લાભાર્થીને વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૩ કીગ્રા ચોખા, નાસ્તાના પેકેટ, બિસ્કીટ વિગેરેનું વિતરણ કર્યું હતું. જાંબુડીમાં ૨૫ લાભાર્થીને એલ્યુમિનિયમનું તપેલું તથા ઢાંકણ આપ્યા હતા. રંગપુરમાં પ્લાસ્ટીકનું વિતરણ કરાયું હતું. અણસોલમાં ખજુરના પેકેટ, સ્ટ્રીપ, કફ સીરપનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં યોગેશ બારોટ, ભીમજીભાઈ તથા મિલિન્દભાઈ સાથે રહ્યા હતા.